**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૪ ટકા ● સાંજે ૮૯ ટકા

# સિવિલ કેમ્પસમાં સરકારી મકાનોમાં નિવૃત કર્મચારીઓનો અડીંગો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં આવેલા રહેણાંક મકાનોમાં કેટલાક નિવૃત કર્મચારીઓ અડીંગો જમાવી દીધો છે. નિવૃત થયાના મહીનાઓ વિતી ગયા હોવા છતા સરકારી મકાનો ખાલી કરતા નથી. જેને પગલે વેઈટીંગમા રહેલા કર્મચારીઓને કેમ્પસમાં મકાન મળતા નથી અને કર્મચારીઓને અન્ય સ્થળે મોંઘાદાટ ભાડામાં રહેવાનો વારો આવે છે. ત્યારે સિવિલમાં ફરજ બજાવી નિવૃત થયેલા કર્મચારીઓ સરકારી મકાન ખાલી ન કરે તો તેની સામે સિવિલ તંત્ર દ્વારા કાયદાકીય કાર્યવાહી કરવાની જરુર છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલમાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે કેમ્પસમાં વિવિધ કેટેગરીના મકાનો આવેલા છે. હોસ્પિટલ ખાતે ઈમરજન્સી સમયે સ્ટાફના કર્માચારીઓ સરળતાથી આવી શકે તે માટે વ્યવસ્થા ઉભી કરાઈ છે.ત્યારે આ રહેણાંક મકાનમાં સિવિલના કર્મચારીઓ વસવાટ કરે છે. જયારે સિવિલમાં ફરજ બજાવતા અન્ય કર્મચારીઓ મકાન માટે વેઈટીંગમા છે. સિવિલ ફરજ બજાવીને નિવૃત થયેલા કેટલાક કર્મચારીઓ મકાન ખાલી કરવાનું નામ લેતા નથી. નિવૃતીને મહિનાઓ વિતી ગયા છતા મકાન ખાલી ન કરતા અન્ય કર્મચારીઓ મકાનની રાહ જોઈને બેઠા છે. હોસ્પિટલમાં ફરજ બજાવતા અન્ય કર્મચારીઓ વધુ ભાડા ભરીને રહે છે. કેટલાક કર્મચારીઓને હોસ્પિટલ આવન જાવન માટે પણ ભારે તકલીફનો સામનો કરવો પડે છે. ત્યારે સિવિલ તંત્ર દ્વારા પણ કેમ્પસમાં ખાલી પડેલા સરકારી મકાન કર્મચારીઓને ફાળવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. તે ઉપરાતં નિવૃત્તિ બાદ અડીંગો જમાવી બેઠેલા કર્મચારીઓ સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ.



ધંધા રોજગારમાં મંદીનો માહોલ હાલમાં જોવા મળી રહ્યો છે. આવકમાં કાપ આવ્યો હોવાથી લોકો ખર્ચ કરતા પણ ડરી રહ્યાં છે. ગરીબ પરિવારો માટે તો બે ટંક ખાવાના પણ ફાંફાં પડી રહ્યાં છે. આવી પરિસ્થિતિમાં જીવનને ટકાવી રાખવા નાના બાળકો પણ મહેનત મજૂરી કરી રહ્યા છે. શ્રમિક પરિવારના બાળકો રમકડાં સહિતની નાની મોટી ચીજવસ્તુઓનું વેચાણ કરી પોતાના પરિવારને મદદરૂપ થવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# સેકટર-૨૫ સોનીક ટેકનોલોજીની બહાર પાર્કીંગમાંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૫ સોનીક ટેકનોલોજીની બહાર પાર્કિંગમાંથી બાઈકની ચોરી થવા પામી છે. કંપનીમાં કામ કરતા કર્મચારી સાંજે છુટીને જોયુ તો પાર્ક કરેલી જગ્યાએ બાઈક ન હતું. જેથી યુવકે આસપાસના વિસ્તારમાં બાઈક અંગે શોધખોળ કરી હતી. પરંતુ બાઈક ન મળી આવતા સેકટર-૨૧ પોલીસ મથકે બાઈક ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં બાઈક ચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં આંતરે દિવસે બાઈક ચોરીના કિસ્સા સામે આવે છે. શહેરના ભરચક વિસ્તારમાં શોંપીગ સેન્ટર કે પાર્કિંગમાંથી ચોર શખ્સો સરળતાથી બાઈક ચોરી પલાયન થઈ જાય છે. ત્યારે શહેરમાં વધતી જતી બાઈક ચોરી અટકાવવા માટે પોલીસ તંત્ર દ્વારા પણ કમરકસવામાં આવી રહી છે. તેમ છતા બાઈક ચોરી કરતા શખ્સો ચોરીને અંજામ આપી સિફતપૂર્વક નીકળી જાય છે. ત્યારે શહેરમાં વધી રહેલી વાહન ચોરીને પગલે વસાહતીઓમાં પણ ડરનો માહોલ જોવા મળ્યો છે. ત્યારે સેકટર-૨૪ મકાન નં.૨૭૬ હરસિધ્ધનગર સોસાયટી ડબલ ડેકર ખાતે રહેતા ૨૧ વર્ષિય યશ રામનાથસિંહ વર્મા પોતાના પરિવાર સાથે રહે છે. યશ સેકટર-૨૫ ઓશીયા મોલની બાજુમાં આવેલા સોનીક ટેકનોલોજીમાં નોકરી કરે છે. નોકરી આવન જાવન માટે વર્ષ ૨૦૧૪ મોડલનું જી.જે.૧૮.સી.એફ. -૩૨૧૮ નંબરનું સ્પ્લેન્ડર પ્રો બાઈક હતું. ગતરોજ સવારે યશ અને તેનો મિત્ર બાઈક લઈને નોકરી પર ગયા હતા, ત્યારબાદ બપોરે જમવા માટે પણ ઘરે આવ્યા હતા. જમ્યા બાદ બપોરે એક વાગ્યાના અરસામાં નોકરી ગયા હતા અને બાઈક કંપની બહાર પાર્ક કર્યું હતું. સાંજે ૬ વાગે છુટીને જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેથી આસપાસના વિસ્તારમાં પોતાની રીતે શોધખોળ આદરી હતી.પરંતુ બાઈક ન મળી આવતા આખરે રૂ.૧૫ હજારના બાઈક ચોરી અંગે ગુનો નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગરના બીએસએફ કેમ્પસ ખાતે વેસ્ટર્ન કમાન્ડના વિશેષ ડાયરેક્ટર જનરલની મુલાકાત

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના બીએસએફ કેમ્પસ ખાતે ચંદીગઢથી સીમા સુરક્ષા દળના વેસ્ટર્ન કમાન્ડના વિશેષ ડાયરેક્ટર જનરલ સુરેન્દ્ર પનવરે તા.૧૩ થી ૧૫ જુલાઈ સુધી ગુજરાત ફ્રન્ટિયરની મુલાકાત લીધી હતી. તા.૧૩મી જુલાઈના રોજ વિશેષ ડાયરેક્ટર જનરલ ગુજરાત ફ્રન્ટિયર હેડક્વાર્ટર ગાંધીનગર સંકુલ પહોંચ્યા જ્યાં તેમણે વરિષ્ઠ અધિકારીઓ સાથે વ્યૂહરચનાના મુદ્દાઓ અને સરહદ વ્યવસ્થાપન અંગે ચર્ચા કરી ફ્રન્ટીયર ગુજરાતના ઈન્સ્પેક્ટર જનરલ જી.એસ. મલિક દ્વારા તેમને ગુજરાતના સીમા વિસ્તાર વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

તા.૧૪મી જુલાઈના રોજ વિશેષ ડાયરેક્ટર જનરલે સરહદ ચોરી નડાબેટની




મુલાકાત લીધી હતી અને 'સીમા દર્શન પ્રોજેક્ટ' માં ચાલી રહેલા કામનું મૂલ્યાંકન કર્યુ હતું. મુલાકાત દરમિયાન તેમને સરહદ પરની ફ્રન્ટલાઈન બટાલિયનના કમાન્ડરો દ્વારા માહિતી આપવામાં આવી હતી. વિશેષ ડાયરેક્ટર જનરલે ગુજરાત સીમાની સરહદ ચોકીની મુલાકાત લીધી અને સુરક્ષાને લગતી અને અન્ય વિકાસલક્ષી કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું. સરહદ મુલાકાત દરમિયાન વિશેષ મહાનિર્દેશક સરહદ રક્ષકોને મળ્યા ચોકી પર સૈનિકો સાથે રાત વિતાવી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. તા. ૧૫મી જુલાઈના રોજ સ્પેશિયલ ડાયરેક્ટર જનરલે ફ્રન્ટિયર હેડક્વાર્ટર પરિસરની મુલાકાત લીધી અને ત્યાંની વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યુ હતું. નિરીક્ષણ પછી, સરએ 'સૈનિક સંમેલન' બોલાવી તમામ સરહદ રક્ષકોને ઉચ્ચ વ્યવસ્થાની શિસ્ત જાળવવા માટે પ્રોત્સાહન આપ્યું હતું અને કોવિડ -૧૯ રોગચાળો ફેલાતો અટકાવવા માટે ગુજરાત ફ્રન્ટિયર દ્વારા કરવામાં આવેલા પ્રયત્નોની પ્રશંસા કરી હતી.

# આત્મન ફાઉન્ડેશનના રેવા ગ્રામમાં છોડ રોપણી કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરની સેવાભાવી સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા સંસ્થા દ્વારા માણસાના મકાખાડ ખાતે નિર્માણાધિન રેવા ગ્રામ સેવા સંકુલમાં તા. ૧૪મી જુલાઈએ છોડ રોપણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રકૃતિ - પર્યાવરણના જતન અને સંવર્ધન માટે, કુદરતી ઓકસીજન સુલભ બને, મા ધરતીનો ખોળો હર્યોભર્યો રહે, પંખીઓને પોતાના માળા માટે સરસ જગ્યા મળી રહે તે હેતુથી આ છોડ રોપવામાં આવ્યા હતા. છોડ રોપણી દરમ્યાન ફળાઉ, આર્યુવેદ ઔષધિ અને વનિલ એમ વૈવિધ્યસભર રોપાઓ રોપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગાંધીનગર, અમદાવાદ, માણસાથી શુભેચ્છકો પ્રકૃતિપ્રેમીઓ જોડાયા હતા. આ પ્રસંગે એચ. બી. વરિયા, ચતુરભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ, દશરથભાઈ મોદી, કુંતલ પ્રજાપતિ,રોશન પટેલ, આદિત્ય રાવલ, ધીરેન પટેલ, પ્રકૃતિપ્રેમી



દિવ્યાબેન વરિયા, દાદાજી, મુકેશભાઈ પટેલ, સ્મિતાબેન પટેલ, જીતેન્દ્રભાઈ પટેલ, ડો.સંજય શાહ, પ્રો. રાજેન્દ્રસિંહ વાઘેલા, પ્રિ. અનિલભાઈ રાવલ, નિમાવત, હસમુખભાઈ આસોડિયા, તુલજારામ મહેશ્વરી, જ્યોતિબેન પંડ્યા, રમેશભાઈ હાલારી, ગીરીશભાઈ પંડ્યા, પ્રધ્યોત પ્રિયદર્શી, અજય પ્રજ્ઞાબેન, સોનિયા ગરાસિયા, જયંતીભાઈ ચૌધરી, પ્રજ્ઞા પટેલ, મનોજભાઈ, દીપકભાઈ, નવિનભાઈ વગેરેના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# મહિલા અગ્રણી મમતા રાવલ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડથી સન્માનિત



ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના અગ્રણી સેવાભાવી મમતાબેન રાવલનું કોરોના દરમ્યાન કરેલ સેવા બદલ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા સન્માન થયુ. તેઓ પોતાની શક્તિથી પણ વધારે ઈશ્વર કૃપાથી શક્ય તમામ મદદ કરીને ક્યાંક લોકોની જિંદગી બચાવી રહ્યા છે અને સેવા પરમો ધર્મના સૂત્રને સાર્થક કરી માનવધર્મ નિભાવી રહ્યા છે. જેથી લંડન સ્થિત વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા મમતાબેન રાવલને સન્માનિત કરાયા હતા. સંસ્થાના યુરોપના પ્રેસિડેન્ટ વિલિયમ ઝેચલર, ભારતના પ્રેસિડેન્ટ સંતોષ શુકલ, ગુજરાતના પ્રેસિડેન્ટ અશ્વિનભાઈ ત્રિવેદી, વાઈસ પ્રેસિડેન્ડ દિવ્ય ત્રિવેદી દ્વારા મમતાબેન રાવલનું સન્માનપત્ર આપીને સન્માન કરવામાં આવેલ હતુ.



ભિલોડા તાલુકાના જાભચિતરીયામાં ગુરૂવારે સમિતિ દ્વારા ૬ ગામોની ૮૫ વૃદ્ધ તથા વિધવા બહેનોને ૩ કિ.ગ્રા. ચોખાનું વિતરણ કર્યુ હતુ. જાંબુડી ગામની ૧૪ લાભાર્થીને ૧ કિ.ગ્રા. તેલ, ગોળ તથા ૫૦૦ ગ્રામ મગદાળ આપી હતી. ઉપરાંત માસ્કનું વિતરણ કર્યુ હતુ. અણસોલ ગામમાં ૨૧ લાભાર્થીને ચોખા, તેલ, ગોળ, મગદાળ, બિસ્કીટ, નાસ્તો આપ્યો હતો. સમગ્ર કીટ અરવિંદ કેન્દ્રના ડૉ. તન્ના પાસેથી પ્રાપ્ત થઈ હતી. આ સેવાકાર્યમાં મફતભાઈ વાઘેલા, અમૃતભાઈ પ્રજાપતિ, ગામેતીભાઈ તથા મિલિંદભાઈ સાથે હતા.

# 'ડૉક્યુમેન્ટ ડિઝાઈન એન્ડ ઈટ્સ એડવાંટેજીસ' વિષય પર બીબીએ કૉલેજ દ્વારા વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા.૧૬

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર, સેકટર-૨૩માં આવેલી બીબીએ કૉલેજ ખાતે તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન વર્કશૉપનું આયોજન કરવા માં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ વર્કશોપ માં ઉપસ્થિત રહ્યા હતા. ઉપાચાર્ય તેમજ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટી ના હેડ ડો.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને આજના વિષયની માહિતી આપી હતી. તેમજ સમગ્ર વ્યવસ્થા ગોઠવી હતી. ત્યારબાદ ડો.આશિષ ભૂવા દ્વારા મુખ્ય વક્તા ડો.નેહા ત્રિવેદીને કોલેજ વતી આવકાર્યા હતા. મુખ્ય વક્તા દ્વારા વિદ્યાર્થીઓને સફળ કારકિર્દી ઘડવા માટે માર્ગદર્શિત કરવામાં આવ્યા હતા. સફળ કારકિર્દીના ઘડતર માટે વિદ્યાર્થીઓને ડૉક્યુમેન્ટ ડિઝાઈન એન્ડ ઈટ્સ એડવાંટેજીસ પર પોતાની સ્કીલ ડેવલોપ કરવા માટે ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને ઉદભવેલા પ્રશ્નોના સંતોષકારક જવાબ પણ તેમણે આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમ આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ, ઉપાચાર્ય તેમજ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, ડો.આશિષ ભુવા, ડો.અમિતા પ્રજાપતિ, ડો.માર્ગી દેસાઇ, ડો.પ્રજ્ઞેશ નવલખા, ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા સફળતા પૂર્વક યોજવામાં આવ્યો હતો.

# કોબા ખાતે ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત અન્ન વિતરણ કરાયું



ગાંધીનગર, તા.૧૬

પ્રવર્તમાન વૈશ્વિક મહામારીની કપરી પરિસ્થિતિમાં ગરીબો-અંત્યોદય પરિવારો-નિરાધારોના લાભાર્થે કેન્દ્ર સરકાર દ્વારા 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના-૩' અંતર્ગત કોબા, ગાંધીનગર ખાતે ગ્રામજનોને વિના મૂલ્યે અન્ન વિતરણ કરવામાં આવ્યું હતું.

જેનો લક્ષ્ય અંત્યોદય અને પ્રણ માનવસેવા એવી ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આ જનહિતકારી નિર્ણયથી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ કરોડો લોકોને વિનામૂલ્યે અનાજ મળી રહ્યું છે. આદરણીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના કેન્દ્ર વડપણ હેઠળ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલ અને પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવા અનેક નવતર પહેલો થકી ગરીબોના ઉત્થાન માટે સદાય કટીબદ્ધ છે એમ કોબાના પૂર્વ સરપંચ યોગેશભાઈ નાઈએ જણાવ્યું હતું.

# જન્મદિને વધામણી



ગોસ્વામી સંજયભારતી
યુવા કથાકાર
મો. ૮૧૪૧૨ ૧૭૦૫૦



નીર યોગેશકુમાર પટેલ
મો. ૯૪૨૭૪ ૦૯૨૯૩



તક્ષ ભરતકુમાર દેસાઈ
મો. ૯૯૦૯૭ ૭૮૫૫૮



ચેતનાબેન કલ્પેશકુમાર સાગર
મો. ૮૧૫૪૦ ૦૯૦૬૦



સુરેશભાઈ મહેતા
પૂર્વ નગરસેવક
મો. ૯૮૨૫૪ ૩૮૪૬૫



દિયા અલ્પેશકુમાર ભાવસાર
મો. ૯૪૨૯૦ ૨૮૮૪૮



જયમીન પંચાલ
મો. ૮૩૪૭૫ ૩૦૬૦૧



મિલનબેન કે વાળા
મો. ૯૬૬૪૮ ૭૮૯૨૭



તીતીક્ષા પટેલ



મફતલાલ એસ પ્રજાપતિ
મો. ૯૮૨૪૫ ૬૮૪૧૮



હેલી દિલીપભાઈ કુચારા
મો. ૯૯૨૪૪ ૩૧૯૪૭

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે શિશુનિકેતનનો પ્રારંભ



ગાંધીનગર, તા.૧૬

'તેજસ્વી બાળક : તેજસ્વી ભારત'ના સ્વપ્નને પરિપૂર્ણ કરવાની દિશામાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ઐતિહાસિક કદમ ઉઠાવવામાં આવ્યું છે. સંપૂર્ણ મનુષ્યનિર્માણ માટે પ્રતિબદ્ધ વિદ્યાનિકેતન વિભાગ દ્વારા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ૩ થી ૫ વર્ષનાં બાળકો માટે શિશુનિકેતનનો શુભારંભ કરવામાં આવ્યો છે.

આ શુભારંભ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે રાષ્ટ્રને ઉત્તમ વૈજ્ઞાનિકો, ગણિતશાસ્ત્રીઓ, પરિવારને ઉગારે તેવા કુળદીપક તેમજ રાષ્ટ્રપ્રેમી નર અને નારીરત્નોનાં બીજ શિશુનિકેતન દ્વારા રોપવામાં આવશે તેવો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. યુનિવર્સિટીના કુલસચિવ ડૉ.અશોકભાઇ પ્રજાપતિએ શિશુનિકેતનનો શુભારંભ બાળકોના માનસિક, બૌદ્ધિક અને ભાવનાત્મક વિકાસની દિશામાં એક અનોખું પ્રદાન બની રહે તેવી આશા વ્યક્ત કરી હતી. સ્કૂલ ઓફ ઈનોવેટિવ એજ્યુકેશનના ડાઈરેક્ટર પ્રો.રણજિતસિંહ પવારે શિશુનિકેતનની સંકલ્પના સ્પષ્ટ કરી અને બાળ-વિકાસમાં શિશુશિક્ષણના મહત્ત્વને સમજાવ્યું હતું. પોતાના બાળકના સર્વાંગી વિકાસ સાથે સંસ્કારસિંચન ઈચ્છતા પ્રત્યેક માતા-પિતાને માટે આ શિશુનિકેતનની અચૂક મુલાકાત લેવા જણાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને વ્યવસ્થાપન વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલ તથા વિદ્યાનિકેતનની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ શિશુનિકેતનના આચાર્યા દિવ્યાબેન રાવળ દ્વારા કરવામાં આવી હતી.

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. રાઠોડ દિનેશભાઈ મોહનભાઈ, ઉ.વ. ૬૭, બોરીજ
- સ્વ. પટેલ હિરાભાઈ નાથભાઈ, ઉ.વ. ૯૦, સેકટર-૧૩